# ભાવનગર મહાનગરપાલિકા
## એકાઉન્ટ વિભાગ

એકા.જા.નં.૮૪૯ | તા.૦૧/૧૦/૨૦૧૮
૦૩/૧૦/૨૦૧૮

-:: પરીપત્ર ::-

સંદંર્ભદર્શિત પરીપત્ર : એકા.જા.નં.૮૩૧ તા.૨૯/૦૯/૨૦૧૮

ઉપરોકતસંદંર્ભદર્શિત પરીપત્ર અનુસંધાને જી.એસ.ટી. ટી.ડી.એસ. અંતર્ગત પરીપત્ર કરવામાં આવેલ જી.એસ.ટી. કાઉન્સીલની લો કમિટી ધ્વારા તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ જી.એસ.ટી. અંતર્ગત ટી.ડી.એસ. માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર તૈયાર કરી આજરોજ જી.એસ.ટી.ના પોર્ટલ પર પબ્લીશ કરવામાં આવેલ જેના અનુસંધાને નીચે મુજબના ફેરફારો ધ્યાને લેવાના રહેશે.

(૧) પરીપત્ર એકા.જા.નં. ૮૩૧ મુજબ ક્રમનં.૧ મુજબ તા.૦૧/૧૦/૨૦૧૮ પછી એકાઉન્ટ વિભાગે પેમેન્ટ અર્થે આવતા બીલોમાંથી ટી.ડી.એસ.ની કપાત કરવાનું જણાવેલ.
જેના બદલે ઉપરોકત વિગતે ટેકસ ઈન્વોઈઝની તારીખ જો ૦૧/૧૦/૨૦૧૮ કે ત્યારબાદની હોયતો ટી.ડી.એસ.ની કપાત માટે ધ્યાને લેવું. જો તા.૩૦/૦૯/૨૦૧૮ કે તે પહેલાની તારીખના ટેકસ ઈન્વોઈઝ પર જી.એસ.ટી. અંતર્ગત ટી.ડી.એસ.ની કપાત કરવાની રહેતી નથી.

(૨) પરીપત્ર એકા.જા.નં. ૮૩૧ મુજબ ક્રમનં.૫ મુજબ કપાત કરેલ ટી.ડી.એસ.ના બીલમાં ૧% સી.જી.એસ.ટી. – ટી.ડી.એસ. અને ૧% એસ.જી.એસ.ટી. – ટી.ડી.એસ. એમ દર્શાવવા જણાવવામાં આવેલ. આ જોગવાઈ ગુજરાત રાજયમાં રજીસ્ટ્રીશન ધરાવતા કોન્ટ્રાકટરને લાગુ પડશે.
જો કોન્ટ્રાકટર ગુજરાત રાજય સિવાયનું રજીસ્ટ્રીશન આપે તો તેના ૨% ટી.ડી.એસ. એકાઉન્ટ કોડ ૯૩૨૫૫ I.G.S.T. - T.D.S. તરીકે બીલમાં દર્શાવવાનો રહેશે. ગુજરાત રાજયનો જી.એસ.ટી. નંબર' ૨૪' થી શરૂ થશે.

(૩) પરીપત્ર એકા.જા.નં. ૮૩૧ મુજબ ક્રમનં.૭ મુજબ બે લાખ પચાસ હજારની મર્યાદા વાર્ષિક ગણવા જણાવવામાં આવેલ.
જેના બદલે જી.એસ.ટી. કાઉન્સીલની લો કમિટી ધ્વારા થયેલ સ્પષ્ટતા મુજબ આ મર્યાદા દરેક કોન્ટ્રાકટ માટે જોવાની રહે છે તેમજ આ મર્યાદા માટે જી.એસ.ટી.ની રકમ પહેલાની મૂળ રકમ ધ્યાને લેવાની રહેશે.
દા.ત.જો કોઈ કોન્ટ્રાકટર સાથે એક કોન્ટ્રાકટ રૂા.૨૬૦૦૦૦/– નો અને બીજો કોન્ટ્રાકટ રૂા.૨૨૫૦૦૦/– નો કરવામાં આવે તો માત્ર રૂા.૨૬૦૦૦૦/– ના કોન્ટ્રાકટ પર જ ટી.ડી.એસ. કપાત કરવાનો રહેશે.રૂા.૨૨૫૦૦૦/– ના કોન્ટ્રાકટ પર ટી.ડી.એસ.ની કપાત કરવાની રહેશે નહી.

<u>નોંધ પર કમિશ્નર સાહેબશ્રીની આજ્ઞાનુસાર</u>

નાયબ કમિશ્નર (એડમીન)
ભાવનગર મહાનગરપાલિકા

E:\PIC-DOC NEW\GENERAL LATTER5 (YEAR-17-18).doc